જૂન ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ




## ગુસપુસ

## સંપાદકીય

# ગુસપુસ





બાળમિત્રો,

'પેલો આજે ટીચરને તારા માટે આવું કહેતો હતો, આ ગેમ એને કોણે આપી ?, નક્કી એણે કોઈની પડાવી લીધી લાગે છે.'

આવું આપણે અંદર અંદર ફ્રેન્ડસમાં કેટલી વાતો કરતા હોઈએ છીએ ? અને એ પણ કાનમાં, કોઈને સંભળાય નહીં એ રીતે. ક્યારેય વિચાર્યું છે કે આવી વાતોમાં આપણે કેટલો ટાઈમ બગાડીએ છીએ ?

તમને ખબર છે કે આને શું કહેવાય ? આવું કરવું કેટલું યોગ્ય કહેવાય ? આના પરિણામ શું આવે?

પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંગેની સુંદર સમજણો આ અંકમાં આપી છે. આવો, આપણે પણ સમજીએ અને આપણા જીવનમાં ફેરફાર લાવીએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


જ્ઞાનીઓ કહે છે... ૩
ચાલો દાખલો જોઈએ... ૪
પંચાતનું સ્વરૂપ ૬
આમાં શું ફાયદો? ૧૦
ચાલો રમીએ ૧૪
મીઠી યાદેં ૧૫
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૬
કિડ્સ કેમ્પની ઝલક ૧૯



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૧૦
સળંગ અંક : ૭૦
જૂન ૨૦૧૪



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

**Printed at**
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે....



દીપકભાઈ : પારકાની પંચાત કરવા જેવી નથી. એમાંય જે વ્યક્તિ હાજર ના હોય તેની વાત જ ના કરાય અથવા કરવી હોય તો પોઝિટિવ વાતો બોલો.

એની બદલે "હેં, પછી શું થયું, આણે શું કર્યું, કોણે કર્યું"... આવું કરે એ બધી પારકી પંચાત. પાછું બધું જાણ્યા પછી પણ એને ચેન જ ના પડે. વાત સાંભળી એટલે કોને ઝપાટાબંધ કહી આવું, "તને ખબર પડી, આવું થયું હતું ?, એ આવું કરે છે, આવું તો કરાતું હશે ? બહુ ખોટું કહેવાય"... આવી બધી વાતો બીજાને કહ્યા કરે. સારી વાત દાટી દઈએ અને નેગેટિવ વાત સાંભળીને ઝપાટાબંધ કોઈને કહી દઈએ.

આ અફવાઓ એ પોતાની કલ્પનાનું જ ઠોકાઠોક હોય છે, મૂળ વાત જુદી જ હોય છે. પંદર માણસોને લાઈનમાં ઊભા રાખ્યા હોય અને એકના કાનમાં હું કહું કે 'રવિવારે સત્સંગ રાખ્યો છે.' હવે આ વાત તારે બીજાને કહેવાની છે. પછી છેલ્લે પંદરમાં માણસને પૂછીએ તો કહે " અમેરિકામાં ધરતીકંપ થયો છે."


અહીંયા મેં કહ્યું શું અને નીકળ્યું શું ! પેલો બોલે શું અને આ સમજે શું ! એક માણસને કહ્યું હોય અને પાંચસો માણસોને પહોંચેને તો વાતનું વતેસર થઈ ગયું હોય. એમાં તો કેટલા બધા ગૂંચવાડા ઊભા થઈ જાય છે. કેટલાયને દુઃખ થઈ જાય છે અને આપણનેય નિરંતર નુકસાન કરે. માટે બહુ જાગૃત રહેવા જેવું છે. કોઈની નેગેટિવ વાત કરવા જેવી નથી.

ચાર ફ્રેન્ડ ભેગા થયા એટલે કંઈ ને કંઈ નેગેટિવ વાતો ચાલ્યા જ કરતી હોય. ડાહ્યા માણસોએ તો શું કરવું જોઈએ કે કોઈ નેગેટિવ વાત કરતો આવે તો એને પોઝિટિવ કરી આપે. આપણે જ એટલા બધા પોઝિટિવ હોઈએ કે સામાનું નેગેટિવ આપણી પાસે ટકે જ નહીં. એ નેગેટિવ આપણામાં તો ન જ પેસે પણ એનુંય ઊડી જાય.


**આપણે જ એટલા બધા પોઝિટિવ હોઈએ કે સામાનું નેગેટિવ આપણી પાસે ટકે જ નહીં.**

# ચાલો દાખલો જોઈએ...


એક પંડિત હતો. એ રસ્તામાં જતો હતો. હવાના કારણે એક પીછું ઊડતું ઊડતું એના માઢામાં ઘૂસી ગયું.



ઘરે જઈને,
પંડિત (પત્નીને): આજે મારા મોઢામાંથી પીછું નીકળ્યું. પણ જોજે...કોઈને કહેતી નહીં.
પત્ની : હા, નહીં કહું.



પત્નીના પેટમાં ખદબદ થવા લાગ્યું. એ ગઈ પાડોશણ પાસે..
પત્ની : સાંભળે છે, આજે પંડિતજીના મોઢામાંથી પીછું નીકળ્યું. પણ જોજે, કોઈને કહેતી નહીં.
પાડોશણ : નહીં કહું.






પાડોશણ સમજી કે પંડિતજીના મોઢામાંથી કૂકડો નીકળ્યો. એનાથી રહેવાયું નહીં. ત્યાં તો એના ઘરે ધોબણ આવી.

પાડોશણ : તને ખબર છે, પંડિતજીના મોઢામાંથી કૂકડો નીકળ્યો.

ધોબણ (અચંબા સાથે) : શું ?!



ધોબણ સમજી કે પંડિતજીના મોઢામાંથી ઘણા બધા કૂકડા નીકળ્યા. એણે બીજાને આ વાત કહી, બીજાએ ત્રીજાને કહી, ત્રીજાએ ચોથાને કહી....



અને આમ, આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે પંડિતજીના મોઢામાંથી ઘણા બધા જાતજાતના પક્ષીઓ નીકળ્યા. આખું ગામ પંડિતજીને જોવા એમની ઘરે ભેગું થઈ ગયું. હકીકત ખ્યાલ આવતા પંડિતજીએ ખુલાસો કર્યો અને સૌને ઘરે પાછાં મોકલ્યા.

**જોયું... ગુસપુસનું પરિણામ ! હોય શું અને વાત બહાર આવે શું !**

# પંચાતનું સ્વરૂપ



ભાસ્કર મહારાજ સરખેજ ગામના આદરણીય અને પ્રતિષ્ઠિત ગોર બ્રાહ્મણ હતા. ગામની પંચાયત, વડીલ સદસ્યો અને બાળકો સહુને ગોર મહારાજ પ્રત્યે અત્યંત શ્રદ્ધા અને માન હતા. સત્યનારાયણની કથા હોય કે દિવાળીની લક્ષ્મી-પૂજા, લગ્નનું શુભ મુહુર્ત હોય કે પછી શ્રાદ્ધની વિધિ હોય, બધા જ પ્રસંગો વખતે ભાસ્કર મહારાજની હાજરી તો હોય જ. એટલુ જ નહિ, પણ પાડોશના અમરેલી શહેરમાં પણ ભાસ્કર મહારાજ પ્રખ્યાત હતા. અમરેલીમાં એમને રામાયણ-મહાભારતની કથા કહેવા માટે અવારનવાર આમંત્રણ રહેતું. એમનો એક તેર વર્ષનો પુત્ર પણ હતો. નામ એનું ગૌતમ.

રવિવાર સવારનો દસ વાગ્યાનો સમય હતો. નિયમ પ્રમાણે ગામના મંદિરના ફળિયામાં ભાસ્કર ગોરનું પ્રવચન શરું થયું. આજના પ્રવચનનો વિષય હતો 'સિનેમાના દુષ્પરિણામો'.

પ્રવચન સમાપ્ત થતાં જ નાનકડી ચૈતાલીએ સવાલ પૂછ્યો, ''મહારાજ, સિનેમા તો મનોરંજનનું મોટું સાધન છે, તો તમે સિનેમા જોવાની ના શા માટે પાડો છો?''

ભાસ્કર ગોરે ધીરજથી ચૈતાલીનો પ્રશ્ન સાંભળ્યો અને ઊંડો શ્વાસ લઈને ઉત્તર આપ્યો, ''ચૈતાલી, તારી વાત સાચી છે. આ યુગમાં સિનેમા મનોરંજન માટેનું એક મોટું સાધન બની ગયું છે. પણ બેટા, સિનેમા જોવાથી આપણું ચિત્ત બગડે છે અને ભણવામાં એકાગ્રતા લાવવાની શક્તિ પણ તૂટી જાય છે. મનોરંજન માટે બીજા ઘણા બધા સાધનો હોય છે ને?''

અને આમ, ભાસ્કર મહારાજે ઘણી બધી રીતે સિનેમાના દુષ્પરિણામ દર્શાવ્યા. ચૈતાલીને મહારાજની વાત સમજાઈ. ગામના બાકી લોકોને પણ મહારાજની વાત ગળે ઊતરી.

આ વાતને થોડા મહિના પસાર થયા. ભાસ્કર મહારાજને અમરેલીમાં સત્યનારાયણની કથા કરાવવાનું આમંત્રણ મળ્યું હતું. તેઓ ગૌતમને પણ સાથે લઈ ગયા. કથા કરીને ભાસ્કર ગોર, ગૌતમને લઈને શહેર તરફ ચાલવા માંડ્યા. ગૌતમને અચરજ થયું, 'દર વખતે તો પપ્પા સીધા બસ સ્ટેન્ડે જતા

હોય છે, તો આજે બીજા રસ્તે કેમ જાય છે ?' છતાંય, એ ચુપચાપ મહારાજ સાથે ચાલતો રહ્યો. છેવટે ગોર મહારાજે 'સંગમ' થીયેટરમાં પ્રવેશ કર્યો, અને ગૌતમ ચકિત થઈ ગયો.


જોગાનુજોગ એ જ સમયે સરખેજ ગામની ગીતા ત્યાંથી પસાર થઈ. ગીતા, ચૈતાલીની ખાસ બહેનપણી હતી. એણે ગોર મહારાજને અને ગૌતમને સંગમ થીયેટરમાં પ્રવેશ કરતા જોયા.

આ વાત ચૈતાલીને કહેવા માટે ગીતા તત્પર થઈ ગઈ. એણે તરત જ ચૈતાલીને ફોન જોડ્યો, ''ચૈતાલી, તને ખબર છે, મેં શું જોયું ?''

ગીતાનો આવો અણધાર્યો પ્રશ્ન સાંભળી ચૈતાલી બોલી, ''ના, મને ક્યાંથી ખબર હોય ? પણ જરા શ્વાસ લઈને શાંતિથી બોલ. આટલી બધી હાંફે છે કેમ ?'' ગીતા ફોન કાનની વધુ નજીક લાવી અને ધીમા અવાજે બોલી, ''અરે યાર, વાત જ એવી છે. આજે મેં ભાસ્કર મહારાજ અને ગૌતમને અમરેલીના સંગમ થીયેટરમાં જતા જોયા. મને ખબર નથી ત્યાં કઈ ફિલ્મ લાગેલી હતી, પણ મારા ખ્યાલમાથી કોઈ સારી ફિલ્મ તો નહોતી જ.''

આ સાંભળી ચૈતાલી ચકિત થઈ ગઈ, ''શું વાત કરે છે તું ? મને તો માનવામાં જ નથી આવતું. આવી ગંદી ફિલ્મ જોવા ભાસ્કર મહારાજ ગૌતમને પણ લઈ ગયા ? આપણને તો મોટી મોટી શિખામણો આપતા હતા. કેટલા દંભી કહેવાય ! આ વાત મારે મમ્મીને કહેવી પડશે.'' ફોન મૂકીને ચૈતાલી તરત મમ્મી પાસે દોડી અને આખી વાતનું વર્ણન કર્યું. વાત સાંભળી ચૈતાલીના મમ્મીને આઘાત લાગ્યો, ''અત્યંત દુઃખની વાત કહેવાય બેટા. આપણને બધાને ભાસ્કર ગોર ઉપર કેટલો વિશ્વાસ હતો, કેટલી શ્રદ્ધાથી એમના પ્રવચનો સાંભળતા હતા. પણ લાગે છે કે એમની બધી વાતો આડંબર જ હતી.''

વાત ચૈતાલીના મમ્મી સુધી સીમિત ના રહી. એમણે પણ ફોન ઘુમાવીને બે-ત્રણ પાડોશીઓ સાથે આ વાત કરી. અને ધીરે ધીરે આખા ગામને આ વાતની ખબર પડી ઘઈ. બધા જ વાતની ચર્ચા કરવા લાગ્યા કે ભાસ્કર




''અરે યાર, વાત જ એવી છે. આજે મેં ભાસ્કર મહારાજ અને ગૌતમને અમરેલીના સંગમ થીયેટરમાં જતા જોયા.''

મહારાજ શહેરમાં એમના દીકરા સાથે કોઈ અયોગ્ય ફિલ્મ જોવા ગયેલા. અને છેવટે વાત ભાસ્કર મહારાજ સુધી પણ પહોંચી ગઈ.


જોતજોતામાં ફરી રવિવારના પ્રવચનનો સમય આવી ગયો. સભામાં સહુના ગંભીર ચહેરાઓ જોઈને ભાસ્કર મહારાજને થોડો ખેદ થયો. એમણે પોતાનું પ્રવચન શરુ કર્યું, 'આજે મેં તમને બધાને રામાયણની વિડિઓ બતાવવાનું વિચાર્યું છે. એના માટે વિડિઓનો પણ પ્રબંધ કર્યો છે. આમ તો મારી પાસે ઘણા વખતથી વિડિઓ પડેલા હતા. પણ એની 'ફોર્મેટ' બરાબર ન હોવાને કારણે હું તમને બધાને અત્યાર સુધી બતાવી ન શક્યો. વિડિઓ યોગ્ય ફોર્મેટમાં બનાવવા માટે હું સંગમ થીયેટરના માલિકને મળવા ગયેલો. સંગમ થીયેટરના માલિક, મારા મિત્ર છે અને તેઓ વિડિઓ રીફોર્મેટ કરવાનું કામ જાણે છે. એમણે મને એક વિડિઓ રીફોર્મેટ કરીને આપી અને ગૌતમને રીફોર્મેટ કરતા શીખવ્યું પણ ખરું. આ કારણથી ગૌતમ અને હું સંગમ થીયેટર ગયેલા. મને ખ્યાલ છે કે આપ સહુને ક્યાંકથી મારા વિષે કોઈ ખોટી વાતની જાણ થયેલી, જેના કારણે આપ સહુને આઘાત લાગ્યો છે. પણ મારી સ્પષ્ટતાથી આપ સહુને મારું થીયેટરમાં જવાનું કારણ સમજાયું હશે અને સમાધાન થયું હશે.''

હકીકત જાણીને બધા જ ગામવાળા એકદમ સ્તબ્ધ થઈ ગયા. ગોર મહારાજ માટે ખોટી અફવા ફેલાવવાનો બધાને જ અફસોસ થવા લાગ્યો. સહુના દિલગીર ચહેરાઓ જોઈને ભાસ્કર મહારાજ બોલ્યા, 'આપણે વિડિઓ જોઈએ એ પહેલા હું આપ સહુને સોક્રેટીસની એક વાર્તા કહું. સોક્રેટીસ પ્રાચીન ગ્રીસનો એક માનેલો ફિલસુફ હતો. એની સમજશક્તિ અને વિચારધારા માટે એ ઘણો પ્રખ્યાત હતો.

એક વાર સોક્રેટીસનો એક શિષ્ય એની પાસે આવ્યો. અને ઉત્તેજિત સ્વરમાં કહેવા લાગ્યો, 'તમને ખબર છે કે મેં તમારા એક શિષ્ય વિષે શું સાંભળ્યું ?'

એ આગળ કંઈ બોલે એ પહેલા સોક્રેટીસે પૂછ્યું, 'તું મને આ શિષ્ય વિષે કંઈ પણ કહે એ પહેલા આ વાતને આપણે ત્રણ 'સ'ની કસોટીમાંથી પસાર કરીએ. જો આ વાત આ ત્રણ 'સ' ની કસોટી ઉપર ખરી ઊતરે તો તું એ વાત મને નિશ્ચિંત થઈને કહી શકે છે.

"જો આ વાત આ ત્રણ 'સ' ની કસોટી ઉપર ખરી ઊતરે તો તું એ વાત મને નિશ્ચિંત થઈને કહી શકે છે."



"ત્રણ 'સ' ની કસોટી શું છે ?" પેલા બીજા શિષ્યએ પૂછ્યું.

સોક્રેટીસે જવાબ આપ્યો, "પહેલા 'સ'ની કસોટી લઈએ, એટલે કે 'સત્ય'ની કસોટી. તું જે વાત મને કરવા માંગે છે શું એ વાત 'સત્ય' છે ? તેની હકીકત તે સ્વંય તપાસીને જોઈ છે ?"

શિષ્યએ કહ્યું, "ના, એની મને ખબર નથી. મેં તો ખાલી બીજા શિષ્યોને આની ચર્ચા કરતા સાંભળ્યા હતા."

આ સાંભળીને સોક્રેટીસે કહ્યું, "કશો વાંધો નહી, આપણે બીજા 'સ'ની કસોટી તપાસી જોઈએ. તું જે વાત મને કરવા ઈચ્છે છે, એ શું 'સારી' વાત છે ?"

શિષ્યએ જવાબ આપ્યો, "ના ગુરૂજી. ખરેખર તો એક ખરાબ વાત છે."

આ સાંભળી સોક્રેટીસે કહ્યું, "તો તારે મને આ શિષ્ય વિષે કોઈ ખરાબ વાત કહેવી છે, અને તને એ વાત સાચી છે કે નહી એની પણ ખબર નથી."

પેલા શિષ્યને થોડી શરમ આવી. સોક્રેટીસે એનું કથન ચાલુ રાખતા કહ્યું, "કશો વાંધો નહી. હવે ત્રીજા 'સ'ની કસોટી - શું એ વાત મારા માટે કે કોઈના માટે 'સદુપયોગી' છે ?"

ત્યારે શિષ્યએ ઉત્તર આપ્યો, "ના, ગુરૂજી. આમ તો આ વાત કોઈને કામમાં આવે એવી નથી."

ત્યારે સોક્રેટીસે કહ્યું, "જે વાત સાચી, સારી કે સદુપયોગી નથી, એવી વ્યર્થ અને નકામી વાત કરવાનો શું ફાયદો ?"

શિષ્યને પોતાની ભૂલ સમજાઈ અને એ ચુપચાપ ત્યાંથી ચાલ્યો ગયો."

આ વાત સાંભળીને, ગામવાસીઓને પણ વ્યર્થની ચર્ચા અને વ્યક્તિની ગેરહાજરીમાં એની નેગેટિવ વાતો કરવાના જોખમો સમજાયા. સહુએ ભાસ્કર મહારાજની માફી માંગી અને ક્યારેય કોઈની નિંદા કે કુથલી ન કરવાનું નક્કી કર્યું. તે દિવસથી સહુનો ભાસ્કર ગોર ઉપર વિશ્વાસ બધુ મજબૂત બની ગયો.

અને ત્યાર બાદ સહુએ મળીને રામાયણ વિડિઓ ની મજા માણી.

**"સાચી, સારી કે સદુપયોગી નથી, એવી વ્યર્થ અને નકામી વાત કરવાનો શું ફાયદો ?"**

# આમાં શું ફાયદો?



મૈત્રી અને મૈથિલી ખાસ બહેનપણીઓ હતી. મૈત્રી વાચાળ અને બોલકી હતી, જ્યારે મૈથિલી શાંત અને ઠરેલ.
મૈથિલી, તેં આ મહિનાનું ફિલ્મ મેગેઝિન જોયું ? આ વખતે દિવાળીનો બમ્પર ઈશ્યુ હતો.
ના. મને આ બધા 'ગોસીપ મેગેઝીન' માં જરાય રસ નથી. તું પણ શું કામ આ બધી વસ્તુઓ પાછળ તારો કિંમતી સમય બગાડે છે ?
આ બધી વ્યર્થની વાતો અને ચર્ચાઓ વાંચીને તને શું લાભ થશે ?
કેવી રસપ્રદ અને મસાલેદાર ખબરો હોય છે ! મને તો આ બધી વાતોમાં બહુ મજા આવે.
એક સાંજે નિશાળેથી પાછા ફરતી વખતે...
અરે યાર... તું કેટલી બોરિંગ છે ! મેગેઝિનમાં ફિલ્મ અભિનાતાઓની દુનિયા કેવી હોય, એ લોકોની લાઈફમાં અત્યારે શું ચાલી રહ્યું છે, એની બધી જ જાણકારી હોય.
મને તો આ બધું બરાબર નથી લાગતું. પછી તારી મરજી !
...અને બન્ને છૂટા પડ્યા.


બીજા દિવસે મૈથિલી હેડમાસ્તરની ઓફિસમાંથી પરિણામ પત્રોનું સીલ્ડ પેકેટ લઈ સ્ટાફ રૂમ તરફ જઈ રહી હતી. ત્યાં તો પાછળથી મૈત્રીએ એને ટપલી મારી
આ આપણા બધાના રિઝલ્ટ છે ને ?
હા, સ્ટાફ રૂમના લોકરમાં મૂકવા જઉં છું.
વાહ ! ચાલ, આપણે બધાના રિઝલ્ટ જોઈ લઈએ.
ના, એ ખોટું કહેવાય. હું એવું નહિ કરું.
કોને ખબર પડવાની છે ? મારે તો એ જાણવું છે કે પેલી ચાંપલી ચૈતાલીને ગણિતમાં કેટલા માર્કસ આવ્યા ? અને એ પણ જાણવું છે કે પેલી નવી છોકરી ગુંજન પાસ થઈ કે પછી જેવી દેખાય છે એવી ડફોળ છે !!
ના, બીજાના પરિણામ જોઈને આપણે શું કામ છે ?
એમાં શું ખોટું છે ? આપણે કોઈના વિષે ખોટું ક્યા બોલીએ છીએ ? હું તો ફક્ત સાચું જ જાણવાની અને બોલવાની વાત કરું છું ને ?
ના, જે વ્યક્તિ હાજર ના હોય તેની વાત જ ના કરાય. તારા 'સાચા માર્ક્સ' જો બધાને ખબર પડી જાય તો ? અથવા કોઈ તારી અંગત વાત જાહેરમાં કરે તો ?
તું તો સિરિયસ થઈ ગઈ યાર !
તને પંચાતણી ડોસી અને વિખરાયેલા પીંછાઓની વાર્તા ખબર છે ?
ના, શું છે એ વાર્તામાં ?



એક વાર ગામમાં એક ઘરડા માજીને જુઠાણા ફેલાવવાનાં અને પારકી પંચાત કરવાના અપરાધમાં પંચાયત સમક્ષ હાજર કરવામાં આવ્યા. પણ માજી તો પોતાની ભૂલ કબૂલ કરવા માટે તૈયાર જ નહોતા.
સરપંચજી, મેં તો ફક્ત મારો અભિપ્રાય જાહેરમાં જણાવ્યો હતો. જો લોકો એને ફેલાવવા માંડે તો એમાં મારો શો વાંક ?
સરપંચે માજીને પાઠ ભણાવવા એક યુક્તિ ઘડી.
માજી, એક કૂકડો લઈ આવો. કૂકડો લાવતી વખતે એના બધા જ પીંછા રસ્તામાં ફેતા ફેંકતા આવજો.
આ લો સાહેબ, કૂકડો. એના બધા પીંછા રસ્તામાં ફેંકતી ફેંકતી આવી છું.
હવે પાછા જઈને એ બધા જ પીંછા ભેગા કરી આવો.
એ સાંભળીને માજી તો મૂંઝવણમાં મૂકાઈ ગયા.
પણ, એ કેવી રીતે શક્ય છે ? એટલી વારમાં તો પવનને કારણે બધા પીંછા ક્યાંયના ક્યાંય ઊડી ગયા હોય ? એવું એ સરપંચ કેમ કહી શકે ?
એ જ વાત તો સરપંચ માજીને સમજાવવા માંગતા હતા કે જેમ એક વાર ફેંકાયેલા પીંછા, પવનમાં બધી જ દિશાઓમાં ઊડી ગયા પછી એને ભેગા કરવા અશક્ય છે, એવી જ રીતે વાતો પણ જો એક વાર ફેલાય જાય તો એને પણ પાછી ફેરવી લેવી એટલી જ અઘરી છે. માટે ખોટી વાતો કરવી નહીં કે પારકી પંચાતમાં ઊતરવું નહીં.


જો તારી કહેલી નેગેટિવ વાત ફેલાઈ જાય અને ચૈતાલી કે ગુંજન સુધી પહોંચી જાય તો એમને કેટલું દુઃખ થાય ! તને સમજાય છે ?
હા, આજથી 'નો ગોસીપીંગ' ! અને પેલા ફિલ્મી મેગેઝિનોને પણ 'બાય બાય'.
ત્યાં તો પાછળથી અશ્મીએ મૈત્રીને એક હળવી ટપલી મારી !
એક જોરદાર ન્યુઝ છે, યાર !
સોરી ! હું એ મૈત્રી નથી !
હં ?????!!!
મૈથીલીએ મૈત્રીને આછી સ્માઈલ આપી ! બંને બહેનપણીઓ સ્ટાફ રૂમના લોકરમાં પરિણામ પત્રોનું પેકેટ મૂકવા ચાલ્યા ગયા.


# ચાલો રમીએ...

૧.

અહીં તમારે એક રસ્તો શોધવાનો છે. આ રસ્તો બોર્ડમાં આપેલા ૬૪ ચોરસમાંથી પસાર થવો જોઈએ અને બોર્ડમાં દર્શાવેલા લાલ ગેટમાંથી પ્રવેશ કરી વચ્ચે આપેલા લીલા ગેટમાંથી પસાર થઈ અને બ્લુ ગેટમાંથી બહાર નીકળવાનું છે. બોર્ડમાં તમે આડા અથવા ઊભા રસ્તાથી જઈ શકશો પણ ત્રાંસો રસ્તો વાપરી શકાશે નહીં.



૨.



અહીં આકૃતિમાં બતાવ્યા પ્રમાણે પાંચ મોટા વર્તુળથી એક સ્ટાર બનાવેલો છે. અને નાના-નાના ૧૫ ગોળ ટપકા આ સ્ટારમાં ગોઠવેલા છે. આ ૧૫ ગોળ ટપકામાં ૧ થી ૧૫ નંબર સમાયેલા છે અને એક નંબર એક જ વાર આવે છે. અહીં તમારે ૧ થી ૧૫ નંબર એવી રીતે મૂકવાના છે કે જેથી એક મોટા વર્તુળમાં સમાયેલ પાંચ નાના ગોળ ટપકાંનો સરવાળો કુલ ૪૦ થાય. તો ચાલો હવે મગજ કસવાનું શરૂ કરીએ.

3.

એક પ્લેન ક્યુબના સેન્ટરમાં એવી રીતે પસાર કરેલું છે કે જેથી ચોરસ બને (ડાબા ક્યુબમાં બતાવ્યા પ્રમાણે), તેવી જ રીતે જમણી બાજુંના ક્યુબમાં ત્રણ ખુણામાંથી એવી રીતે પસાર કરેલું છે કે જેથી ત્રિકોણ બને. તો હવે તમારે વચ્ચે ના ક્યુબમાંથી પ્લેનને એવી રીતે પસાર કરવાનું છે કે જેથી ૬ ખુણાવાળો એક ષટકોણ (હેક્ઝાગોન) બને.



# મીઠી યાદેં

૧૯૯૦ની સાલની વાત છે. નીરુમા અમદાવાદ આવ્યા હતા. ગામડામાં રહેતી અમુક બ્રહ્મચારી બહેનોને એમણે અમદાવાદ આવવાનું કહ્યું, અને એ પણ એકલા ! હવે એ બહેનો ક્યારેય પોતાના ગામડામાંથી બહાર નીકળેલી જ નહીં. એમના માટે તો અમદાવાદ એટલે જાણે અમેરિકા ! અમદાવાદ માટે એમણે એવું સાંભળેલું કે એ તો બહુ મોટુ શહેર છે. ત્યાં એકલા ના જવાય. બહેનો તો મૂંઝાઈ ગઈ, 'હવે શું કરીશું ?'

એમણે ગભરાતા ગભરાતા નીરુમાને ફોન કર્યો કે અમે એકલા છીએ તો કેવી રીતે આવીએ ?

નીરુમાએ કહ્યું, ''અરે, તમે મરી જશો તો પણ સત્સંગને અર્થે મરશો પણ તમે એકલા જ આવો તો જ તમને એકલા આવવાની હિંમત આવશે.''

બહેનોએ નીરુમા સામે ઘણી દલીલો કરી પણ નીરુમા માન્યા જ નહીં અને એકલા જ આવવા કહ્યું. અંતે બહેનો એકલી આવી. નીરુમાએ એક મહાત્માને એમને બસ સ્ટેન્ડે લેવા મોકલ્યા હતા. નીરુમાએ એમના ઉતારાની અને બીજી બધી સગવડો કરી રાખી હતી.

આવ્યા કે તરત નીરુમા બોલ્યા, ''જુઓ ! આવી ગયાને, પહોંચી ગયાને ! કંઈ થયું ? બસ, આવી રીતે તમારે એકલા જ આવવાનું. ક્યારેય તમારે બીજા પર આધાર નહીં રાખવાનો. સ્વતંત્ર રહેવાનું અને સ્વતંત્ર થવાનું. તમે સ્વતંત્ર રીતે રહી શકો અને સ્વતંત્ર રીતે નીકળી શકો એવા તૈયાર તમારે થઈ જવાનું. કોઈની લાચારી ના રહે એવા તમે બોલ્ડ થતા શીખો.''

બહેનો કહે, ''હા, નીરુમા.''

જતી વખતે પણ નીરુમાએ એમને બધી માહિતી આપીને તૈયાર કર્યા કે આ નંબરની બસમાં બેસજો, અહીં ઊતરજો, ઊતરીને આમ કરજો.'' વગેરે.

આ પ્રસંગ બન્યા પછી બધાનો વિશ્વાસ મજબૂત બન્યો. ત્યાર પછી તેઓ બધે એકલા જ જતા થઈ ગયા. હિંમત આવી ગઈ.

***જ્ઞાનીઓ ફક્ત જ્ઞાનમાં જ નહીં, વ્યવહારમાં પણ ઊંચા લાવે છે !***



# ઐતિહાસિક ગૌરવગાથાઓ



વિક્રમની તેરમી સદીના અંતનો અને ચૌદમી સદીના આરંભનો સમય હતો. ગુજરાતની તેમ જ દિલ્હીની રાજસત્તાના પાયા ડગમગવા લાગ્યા હતા. અલ્લાઉદ્દીન ખીમજીના આક્રમણથી સંખ્યાબંધ દેવમંદિરો અને ધર્મતીર્થો ધરાશાયી બન્યા હતા.

આવા કપરા કાળમાં પણ માંડવગઢનું રાજ્ય શક્તિશાળી અને સમૃદ્ધ હતું. અને તેનું કારણ હતું માંડવગઢના મંત્રી પેથડ શાહની આગવી દૃષ્ટિ અને વિચક્ષણતા. એમણે રાજ્યના કિલ્લા મજબૂત કરાવી લીધા હતા અને રાજ્યના અન્નભંડારો પૂરેપૂરા ભરાવી લીધા હતા, જેથી કરીને સંકટ આવી પડે તો પણ પ્રજાજનોને જરાય મુસીબતમાં મૂકાવું ન પડે.

વિપુલ સત્તા, મોટી નામના અને અઢળક સંપત્તિ વચ્ચે પણ મંત્રી પોતાની ધર્મભાવના જરાય વીસર્યા ન હતા. એમણે ચોર્યાસી જેટલા દેવમંદિરો ચણાવ્યા હતા, છતાં એમને તો હમેંશા એમ જ લાગ્યા કરતું કે હજુ કેટલું બધું કરવાનું બાકી છે અને જીવન તો પળે પળે ઘટતું જાય છે ! પોતાના જીવનને સફળ કરવા તેઓ હંમેશા ધર્મસેવાના નવા નવા માર્ગો શોધ્યા જ કરતા.

દક્ષિણ ભારતનું દેવગિરિ, તે કાળે ભારે નામાંકિત નગર ગણાતું. એ નગરના રાજાનું નામ રામદેવ અને પ્રધાનનું નામ હેમ પ્રધાન. પ્રધાનની પાસે પૈસો તો એટલો બધો હતો કે પાણીમુલે વાપરે તો પણ ના ખૂટે, પણ એનો સ્વભાવ એટલો બધો લોભિયો કે એક પાઈ પણ ન ખર્ચે. એ નગરના બ્રાહ્મણ એવા માથાભારે હતા કે બીજા ધર્મને પેસવા જ ન દે.

દેવગિરિની જાતજાતની વાતો સાંભળીને મંત્રી પેથડશાહને વિચાર આવ્યો, "આવા વિખ્યાત નગરમાં એકેય જિનમંદિર ના હોય એ કેટલી ખેદની વાત કહેવાય. અને તેમણે મનમાં નિશ્ચય કર્યો કે દેવગિરિમાં એક ભવ્ય જિનમંદિર ચણાવવું, જેમાં દર્શન કરીને લોકો ધર્મનું ભાથું બાંધીને જાય.

કામ તો ભારે પવિત્ર હતું. પણ એ જેટલું પવિત્ર હતું એટલું જ મુશ્કેલ પણ હતું. મંત્રી વિચારમાં પડી ગયા કે કામ કેવી રીતે પાર પાડવું.

થોડો સમય પસાર થયો. દેવગિરિથી થોડે દૂર ઓંકારપુર નામે એક નગર હતું. એ નગરમાં એક નવી દાનશાળા



સ્થપાયી. સાધુસંતો અને અતિથિઓ ત્યાં ખૂબ સંતુષ્ટ થતા અને થાક્યા પાક્યા મુસાફરોનું તો તે સાચું વિશ્રામસ્થાન બની ગયું હતું. અન્ન, પાણી અને આરામની ત્યાં જોઈએ તેવી સગવડ હતી.

એ દાનશાળા દેવગિરિના પ્રધાન, હેમ પ્રધાનના નામથી ચાલે. આવનાર સાધુ સંતો અને પ્રવાસીઓ હેમ પ્રધાનનો જયનાદ બોલાવે. હેમ પ્રધાનની કીર્તિ તો જોતજોતામાં ગામેગામ પ્રસરી ગઈ. વાત વહેતી વહેતી પ્રધાનના કાને પહોંચી.

એમણે જ્યારે જાણ્યું કે ઓંકારપુરમાં મારા નામની મોટી દાનશાળા ચાલે છે, ત્યારે એના અચરજનો પાર ના રહ્યો. પોતાના સંતાનો માટે પણ પાઈ ખર્ચતા જેનો જીવ કપાઈ જાય, એ આવી દાનશાળા કેવી રીતે ચલાવી શકે ?

પણ દાનશાળા ચાલતી હતી એ વાતનો ઈનકાર થઈ શકે એમ ન હતો. તપાસ કરતા એ વાત સાચી માલુમ પડી. આનો બધો યશ પોતાને જ મળતો હતો, એની પણ એમને ખાતરી થઈ ચુકી.

ધન કોઈ ખર્ચે અને યશ કોઈનો ગવાય એવું બને ખરું ? પ્રધાનને ભારે અચરજ થયું. પ્રધાને પોતાના વિશ્વાસુ માણસોને તપાસ માટે મોકલ્યા. તપાસ કરનારને વાતનો ભેદ પામતા વાર ના લાગી. માણસોએ આવીને મંત્રીને જણાવ્યું, ''મહારાજ ! આ તો બધી માંડવગઢના મંત્રી પેથડ શાહની કરામત છે. તેઓ જ અઢળક ધન ખર્ચીને આપને યશ અપાવે છે.''

આ સાંભળી હેમ પ્રધાનને થયું, 'દુનિયામાં લોકો પારકાનો યશ લઈ લેતા હોય છે, પણ પોતાનો યશ પારકાને આપી દે તે તો કોઈ વિરલા જ હોય !' મંત્રી પેથડશાહ જાણે મંત્રી હેમના મનમંદિરમાં વસી ગયા. તરત જ તેમણે પેથડ શાહને દેવગિરિમાં પધારવાનું આમંત્રણ આપ્યું.

મંત્રી પેથડ શાહે પોતાના મનની વાત રજુ કરતા કહ્યું, ''મારી એક ભાવના છે, દેવગિરિમાં એક ભવ્ય જિનમંદિર ચણાવું. પૈસાની તો કોઈ કમી નથી. માત્ર તમારી રાજધાનીમાં મને યોગ્ય જમીન મેળવી આપો.

પેથડ શાહે હેમ પ્રધાનનું મન તો પહેલેથી જીતી લીધું હતું. મંત્રી હેમે પેથડ શાહને તરત જ વચન આપ્યું અને



થોડા જ વખતમાં રાજા રામદેવને રીઝવીને એણે પોતાના વચનનું પાલન કર્યું.

શુભમુહૂર્તે જિનમંદિરનો પાયો નાખવામાં આવ્યો. આ કામમાં ઘણા વિઘ્નો આવ્યા. પણ એ બધા વિઘ્નો સામે મંત્રી હેમ અને મંત્રી પેથડ શાહની ઉત્કૃષ્ટ ધર્મભાવના જીતી ગઈ અને મંદિરનું કામ આગળ વધવા લાગ્યું.

ધીમે ધીમે દેવગિરિની ધરતી પર ગગનચુંબી મંદિર પ્રગટ થવા લાગ્યું. જાણે સ્વર્ગનું કોઈ દિવ્ય વિમાન પૃથ્વી પર આકાર લેતું હતું ! એક તરફ મંત્રીની ધર્મભાવના વહેતી હતી, બીજી બાજુ ધનની સરિતા વહેતી હતી અને ત્રીજી બાજુ કારીગરોની ભક્તિ પણ એટલી જ વહેતી હતી. કારીગરોનું મન પ્રસન્ન રહે એ માટે એમને માંગ્યા દામ અને ઉપરથી ઈનામ અપાતા હતા.


અને એક દિવસ મહામંત્રી પેથડ શાહની ભાવના સફળ થઈ. વિ.સં. ૧૩૩૫માં એ મંદિરની અને એમાં ભગવાન મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. મહામંત્રીનું હૃદય ગદ્ગદ્ બની ગયું.

ભગવાનના આવા દિવ્ય અને ભવ્ય મંદિરના દર્શન કરવા છતાં કેટલાક પામર માનવીઓ મહામંત્રીની ભાવનાને પારખી ના શક્યા. એ બાપડાઓનો જીવ બળતો હતો, ''મંદિરમાં કેટલું બધું ધન નકામું ખર્ચાયું. આનો હિસાબ બરાબર તપાસવો પડશે. પૈસા કંઈ આકાશમાંથી થોડા વરસે છે !''

અને એ બધા ચોપડાઓ લઈ હિસાબ તપાસવા બેસી ગયા. એમને હતું કે ચોપડાઓમાંથી ચોરીઓ પકડાશે અને એ કામગીરી જોઈને મંત્રીશ્વર રાજી થશે.

પણ જ્યારે મંત્રીશ્વરે આ જાણ્યું ત્યારે એમણે તરત આજ્ઞા કરી, ''આ તો દેવાધિદેવનું પોતાનું જ કામ ! એમની મહાકૃપાનું જ ફળ ! એમની કૃપા વગર આવા મોટા કામનું મારા જેવા પામર માનવીનું ગજું જ શું ? આવા મહા પવિત્ર અને અમૂલ્ય કાર્યનું મૂલ્ય આંકનાર આપણે કોણ ? નથી ગણવા હિસાબો અને નથી જોવા ચોપડા.'' સાંભળનારા સ્તબ્ધ થઈ ગયા.

એ જિનમંદિર મહામંત્રી પેથડ શાહની ધર્મભાવનાની ગાથા સંભળાવી રહ્યું. ભગવાનની દિવ્ય પ્રતિમાના દર્શન કરતા મહામંત્રીને થયું, ''આજે તો મારો મનુષ્ય જન્મ સફળ થયો !' અને એમને ખૂબ તૃપ્તિ થઈ.



# કિડ્સ કેમ્પની ઝલક

## ભરૂચ








## પઝલના જવાબો

૧.

૨.

૩.


## ભાવનગર







Akram Express

June 2014
Year : 6, Issue : 10
Conti. Issue No.: 70

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

ભૂજ





**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **#** હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **##** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.